ગુજરાતના યુવાનોની લોન માટે બેંકમાં મારી સરકાર જામીનદાર બનશે : મોદી

ડીસામાં સ્વામી વિવેકાનંદની યુવા યાત્રામાં મુખ્યમંત્રી મોદીનું ઉદ્‌બોધન

ડીસા, તા. ૯

આજરોજ બનાસકાંઠાના થરાદ, ધાનેરા, ડીસા, પાલનપુર, વડગામમાં આજ રોજ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા યોજાઈ રહેલ છે. જેમાં ડીસા ખાતે મુખ્યમંત્રી મોદીએ તેમના સાશનના કરેલા વિકાસ કાર્યોની યાદ તાજી કરી હતી. તેઓએ તેમના ઉદ્‌બોધનમાં કોંગ્રેસ સરકારની ઉગ્ર ઝાટકણી કાઢી ગુજરાતના યુવાનોને કોઈપણ પ્રકારની લોન માટે બેંકમાં આપવા પડતા જામીનની વાત કરી જાહેર કર્યુ હતુ કે કોઈપણ યુવાનને ધંધા રોજગાર માટે લેવી પડતી લોનમાં તેમની સરકાર જામીનદાર બનશે તેવી જાહેરાત કરી હતી.

ડીસામાં આજરોજ યોજાયેલ સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રામાં મુખ્યમંત્રી મોદી નિર્ધારીત સમય ૧૨:૪૫ની જગ્યાએ અંદાજીત બપોરે ૨:૨૦ વાગે સભા સ્થળે પહોંચી લોકોનું ઉદ્‌બાધન કર્યુ હતુ. મોડા પડવા માટે મુખ્યમંત્રી મોદીએ લોકોની માફી માગી હતી. તેઓએ જાહેર કર્યુ હતું કે તમામ ક્ષેત્રે ગુજરાત વિકસીત બની દેશમાં નંબર વન વિકાસ શીલ રાજ્યનો દરજ્જો પામેલ છે. છેલ્લા પચાસ વર્ષમાં કોંગ્રેસની સરકારે માત્ર જુઠ્ઠાણ ચલાવી ખોટા વચનો આપી લોકોને ગુમરાહ કરેલ છે. તેઓએ જણાવ્યુ હતુ કે વર્તમાન કેન્દ્રીય સરકાર દ્વારા તેમના ચુંટણી ઢંઢેરામાં દેશના એક કરોડ યુવાનોને રોજગારી આપવાની જાહેરાત કરી હતી. જે પોકળ પુરવાર થયેલ છે. વર્ષ ૨૦૦૭માં કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ છોટા ઉદેપુરથી દીશા બદલવાની વાત સાથે જાહેર સભા યોજી હતી અને તેના સ્થાનીક અખબારોમાં અખબારની સાઈઠ કરતા પણ મોટા ફોટા છપાવી મોદીનું પતું કપાઈ જશે તેવી પોકળ જાહેરાત કરી હતી.

(તસવીર : કાંતિલાલ લોઘા, ડીસા)

જો કે તે વખતે પરીણામોમાં વાસ્તવીકતા છતી થઈ હતી અને કોંગ્રેસ છોટા ઉદેપુર બેઠક પરથી હારી ગઈ હતી. જેનો બોધ પાઠ લઈ વર્ષ ૨૦૧૨ની ચુંટણીમાં પણ દીશા અને દશા બદલવાની વાત સાથે રાજકોટમાં કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ ફરી ગુજરાતના વિકાસને ખોટો ગણાવી પરીવર્તન લાવવાની જે વાત કરી છે તે પોકળ સાબીત થશ અને રાજકોટમાં પણ છોટાઉદેપુરની જેમ કોંગ્રેસનો સફાયો કરીશ તેઓ હુંકાર તેમને કર્યો હતો. કોંગ્રેસની કેન્દ્રીય સરકારે કોલસા ચોરી જેવા અનેક કૌભાંડોમાં લાખ્ખો કરોડની કટકી કરેલ છે. તેવુ જણાવી તેમને કહ્યુ હતું કે મારે કોંગ્રેસે પચાસ વર્ષમાં પાડેલા ખાડા પુરવામાં જ સમય ગયો છે અને હવે મારી સરકાર ઉન્નત વિકાસ કરશે તેવુ જણાવ્યુ હતુ. તેઓએ વધુમા જણાવ્યુ હતુ કે ''યુવાનોને ધંધા રોજગાર માટે બેંકોમાં લોન લેવા જતી વખતે જામીનદારની જરૂરત પડે છે. જેમાં સગો ભાઈ, કાકા, મામા કે અંગત મિત્ર પણ જામીનદાર ન થતા બેંકો લોન ફાળવતી નથી. હું અને મારી સરકાર બેંકમાં ગુજરાતના આવા તમામ લોન વાંચ્છુક યુવાનોના જામીનદાર બનશું તેવી જાહેરાત કરી હતી. આ જાહેર સભામાં પ્રદેશ પ્રમુખ આર.સી.ફળદુ, ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ પરષોત્તમ રૂપાલા, રાજ્યસભા સાંસદ નટુભાઈ ઠાકોર, થરાદ ધારાસભ્ય પરબતભાઈ પટેલ, ડીસા ધારાસભ્ય લીલાધરભાઈ વાઘેલા, દીયોદર ધારાસભ્ય અનિલભાઈ માળી, કાંકરેજ ધારાસભ્ય બાબુભાઈ દેસાઈ, શંકરભાઈ ચૌધરી તેમજ ગોપાલ નિગમ ચેરમેન ગુજરાત રાજ્ય ચેરમેન સંજયભાઈ દેસાઈ સહીત જીલ્લા તેમજ ડીસા તાલુકાના ભાજપી હોદેદારો હાજર રહ્યા હતા. આ જાહેર સભામાં હજારોની સંખ્યામાં મુખ્યમંત્રી મોદીને સાંભળવા માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો.

પાટણ કૉલેજમાં શિક્ષણના મુલ્યો પર વાર્તાલાપ

પાટણ, તા. ૯

પાટણની શ્રીમતી ટી.એસ.આર. કૉમર્સ કૉલેજમાં રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે પાટણ બ્રહ્મકુમારી સેન્ટરના શ્રી બી.કે. નીતાબેને 'વેલ્યુ શિક્ષણ' પર જેઠાભાઈએ મૂલ્ય શિક્ષણના અભ્યાસક્રમો વિશે માહિતી આપી હતી. કૉમર્સ કૉલેજના આચાર્ય ભાસ્કર શુક્લએ વિદ્યાર્થીઓને વ્યસનથી મુક્ત થવા જણાવ્યું હતું. બ્રહ્મકુમારીઝ દ્વારા અન્ના મલાઈ યુનિવર્સિટીની વેલ્યુ એજ્યુકેશનના ડિગ્રી અભ્યાસક્રમની માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રો. પ્રતિક સુથારે કર્યું હતું.

ચિત્રાસણીમાં ગાંધી વિચારની સંદેશયાત્રા

પાલનપુર, તા. ૯

ગાંધી જયંતિ નિમિત્તે ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકની ટુકડીઓ ગાંધીજીના રચનાત્મક પ્રવૃત્તિઓનાં સંદેશ લઈને સમગ્ર બનાસકાંઠામાં તા. ૨૮મી સપ્ટેમ્બરથી પદયાત્રા નીકળી હતી. ગાંધી જયંતિ નિમિત્તે દર વર્ષે અહિંસા, સમાનતા, સ્વચ્છતા, માનવ અધિકારો, માનવ સંહિતા, પર્યાવરણનો સંદેશ લઈને જિલ્લામાં લોકો વચ્ચે રહીને સમજ આપેલ હતી. પદયાત્રીઓનું સંસ્થાન નિયામકશ્રી કાનજીભાઈ વાઘેલા અને વિભાગોનાં આચાર્યશ્રી સામે સ્વાગત કર્યું હતું.

હિંમતનગર આર્ટસ એન્ડ કોમર્સ કલેજમાં યોગ તાલીમ કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૯

હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત આર્ટસ કોમર્સ કોલેજમાં સમધારા પૈકીની યોગ-વ્યાયામ ખેલકૂદ દ્વારા ૩૦૧ વિદ્યાર્થીઓને યોગ શીખવાડવામાં આવ્યા હતા. આનંદમૂર્તિએ યોગ પ્રાણાયામ અને ધ્યાન દ્વારા સ્વ જાગૃતિ, આત્મ જાગૃતિ વિશે વિદ્યાર્થીઓ સંતસંગનો ખ્યાલ આપ્યો હતો. નિબંધ, વક્તૃત્વ, સુલેખન વગેરે સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

મહેસાણા જિલ્લામાં તમામ શંકાસ્પદ બેન્કીંગ વ્યવહારો પર નજર રખાશે

મહેસાણા, તા. ૯

મહેસાણા જિલ્લા વિધાનસભા ચૂંટણી ૨૦૧૨ના અનુસંધાને જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી રાજકુમાર બેનીવાલે જિલ્લાના તમામ બેન્કના અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજી હતી. જેમાં બેન્કના તમામ અધિકારીશ્રીઓને તાકીદ કરી હતી કે જિલ્લામાં થતા તમામ શંકાસ્પદ બેન્કીંગ વ્યવહારોની હિલચાલ પર નજર રાખવા જણાવાયું હતું. જેમાં કલેક્ટરશ્રીએ તાકીદ કરી હતી બેન્ક ખાતામાં ઉપાડ તેમજ જમા થયાના તમામ વ્યવહારો પર નજર રાખવા સુચન કર્યું હતું. કલેક્ટરશ્રી રાજકુમાર બેનીવાલે રૂ. ૧ લાખથી વધુના બેન્કમાં થતા વ્યવહારો પર નજર રાખી તેનો અહેવાલ મોકલી આપવા સુચનો કરાયા હતા.

મહેસાણા જિલ્લા વિધાનસભા ચૂંટણી અંતર્ગત જિલ્લા કલેક્ટરશ્રીએ રાજકીય પક્ષો સાથે બેઠક યોજી હતી. જેમાં ચૂંટણીમાં બુથ એજન્ટો, મતગણતરી એજન્ટોની બાબતે ચર્ચાઓ કરાઈ હતી. આ ઉપરાંત કલેક્ટરશ્રી રાજકુમાર બેનીવાલે રાજકીય પક્ષોને ચૂંટણી અંગેના હિસાબો રાખવા જણાવ્યું હતું. ચૂંટણી ખર્ચ માટે વિવિધ થતા ખર્ચાઓ જેવા કે મંડપ, ફર્નિચર, વાહનો યા પ્રિન્ટીંગ નાસ્તો, વાહન, માઇક સહિતવિવિધ ખર્ચાઓ માટે ભાવો નક્કી કરાયા છે. જેમાં આ ભાવપત્રક પ્રમાણે તમામ ખર્ચાઓનો હિસાબ ઉધારવામાં આવશે તેમ કલેક્ટરશ્રી રાજકુમાર બેનીવાલે જણાવ્યું હતું. આ ઉપરાંત જાહેરાતો બાબતે ડી.એ.વી.પી. દ્વારા થયેલ નિર્ધારીત ભાવપત્રક પ્રમાણે પ્રચાર પ્રસારનો ખર્ચ લાગુ પડશે તેમ કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું.

મહેસાણામાં આચારસંહિતાના અમલીકરણ માટે હોર્ડિંગ્સ અને બેનરો દુર કરાયા

મહેસાણા, તા. ૯

મહેસાણા, જિલ્લા વિધાનસભા ચૂંટણીમાં આચારસંહિતાના અણલીકરણ માટે જિલ્લામાં વિવિધ સ્થળોએ લાગેલ હોર્ડિંગ્સ અને બેનરો દૂર કરાયા હતા. જેમાં જાહેર સ્થળોમાં ૪૯૪ દિવાલ પર લાગેલ લખાણો દૂર કરાયા, ૩૦૭ પોસ્ટર્સ, ૧૪૨ બેનરો, ૭૨ હોર્ડિંગ્સ તેમજ ખાનગી સ્થળો પર લાગેલ ૧૭૮ દિવાલ પર લખાણો દૂર કરાયા, ૯૬ પોસ્ટર્સ, ૩૨ બેનર્સ અને ૧૫ હોર્ડિંગ્સ દૂર કરવામાં આવ્યા હતા.

ઊંઝા પોલીસ મથકના પી.એસ.ઓ.ના ગેરવર્તનથી નાગરિકો પરેશાન

ઊંઝા, તા.૯

ઊંઝા પોલીસ સ્ટેશનમાં છેલ્લા ઘણા વખતથી પી.એસ.ઓના ચાર્જમાં બેસતા એક અમલદાર ફોન નહીં ઉપાડીને નાગરિકો સાથે ઉધ્ધત વર્તન કરીને રૂઆબ છાંટી સત્તાનું વરવું પ્રદર્શન કરતા હોવાની લોક ફરિયાદો ઉઠી છે.

ઊંઝા પોલીસ સ્ટેશનમાં પોલીસ સ્ટેશન ઓફિસર તરીકે ચાર્જમાં બેસતા એ.એસ.આઈ. ગાઝદીખાન ફરિયાદી, અરજદારો, નાગરિકો, પત્રકારોના ફોન મોટા ભાગે ઉપાડતા નથી અને લાંબા સમય બાદ ફોન ઉપાડે છે. ત્યારે વ્યવસ્થિત જવાબ આપતા નથી તેમજ ઉધ્ધતાઈભર્યું વર્તન કરીને સત્તાનો રૂઆબ છાંટી ડરાવતા હોય છે.

આ અમલદાર વિરૂધ્ધ ભૂતકાળમાં ચોરી જેવા ગંભીર પ્રકારના ગુનાની ફરિયાદમાં નોંધવામાં કથિત બેદરકારી દાખવવા બદલ રેન્જ આઈ.જી સમક્ષ ફરિયાદ થયેલ છે તેમ છતાં આવા અમલદારને પી.એસ.ઓ.ના ચાર્જમાંથી દૂર કરવામાં ન આવતા લોકોમાં ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે. સદર પોલીસ અમલદારની કાર્યપધ્ધતિ અને ખરાબ વર્તન સામે સ્થાનિક પોલીસ સ્ટેશનનો સ્ટાફ પણ નારાજ હોવાનું કહેવાય છે.

જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ઉપરોકત અમલદારની શાન ઠેકાણે લાવવા માટે સત્વરે ખાતાકીય રાહે કડક પગલાં ભરવાં જોઈએ તેવું લોકો ઈચ્છે છે.

બનાસકાંઠા જિલ્લામાંથી ડાર્કઝોન ઉઠી ગયો !

યુવા યાત્રામાં ઠેર ઠેર વિશાળ જનસભાઓ યોજાઈ

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા.૯

ભાદરવા મહિનાના બપોરની ભારે ગરમીમાં પણ વિશાળ સમુદાયની હાજરીવાળા પાલનપુરની આજની જનસભામાં મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પાલનપુરની પ્રજાને ખાત્રી આપી હતીકે પાલનપુરની હવે પછીની જાહેરસભાઓનો સમય હું સાંજનો આપીશ. અત્યાર સુધીમાં પાલનપુરમાં મુખ્યમંત્રીશ્રીની યોજાયેલ ત્રણેય સભાઓ બપોરે જ યોજાઈ હતી.

ગુજરાતની યુવાશકિતને પગભર બનાવવા ધંધો રોજગાર ઉભો કરવા બેંક લોન માટે રાજય સરકાર જામીન થશે તેવી ખાત્રી આપતાં યુવાનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

આજે વહેલી સવારે બનાસકાંઠા જિલ્લાના થરાદથી આરંભાયેલ વિવેકાનંદ યુવા યાત્રા થરાદથી ધાનેરા ડીસા પાલનપુરથી વડગામ થઈ ખેરાલુમાં પ્રવેશ કર્યો હતો. જિલ્લાની તમામ સભાઓમાં વિશાળ સંખ્યામાં જનસમુહ ઉમટયો હતો. માર્ગોમાં ઠેર ઠેર જનસમુહ દ્વારા પણ મુખ્ય મંત્રીશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

પાલનપુરમાં ગત નગરપાલિકા ચૂંટણી સમયે ભાજપ સામે બળવો કરી પક્ષ વિરૂદ્ધમાં કાર્ય કરનાર કાર્યકર્તાઓને આજે પક્ષમાં પુનઃ પ્રવેશ આપી પ્રદેશ પ્રમુખશ્રી ફળદુ સાહેબના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

તમામ સભાઓમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરષોતમ રૂપાલા અને અન્ય અગ્રણીઓએ સભાને સંબોધી હતી.

પ્રાંતિજ સ્ટેટ બેંકમાંથી ખાતેદારના ખાતામાંથી ગઠીયો રૂ. ૨૬,૬૦૦ ઉઠાવી ગયો

પ્રાંતિજ, તા.૯

પ્રાંતિજ તાલુકાના નાની ભાગોળ વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંકમાં ખાતુ ધરાવતા એક પ્રૌઢ વિધવાના બેંક ખાતામાંથી ગઠીયો રૂ. ૨૬,૬૦૦ની રમક ઉઠાવી જતા પ્રૌઢે બેંક સત્તાધિશોને જાણ કરતા બેંકે હાથ ઉંચા કરી લેતા આખરે વિધવાએ ગ્રાહક સુરક્ષા કચેરીનો દરવાજો ખખડાવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના નાની-ભાગોળ વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંકમાં ૭૦ વર્ષીય હીરાબેન બાલુસિંહ રાઠોડ (સેજવિકપુરા દલવુર પ્રાંતિજ) નામની વિધવા મહિલા પોતાનું ખાતું ધરાવે છે. જયાં તેમના પતિની પેન્શન પેટે મળતી રકમ ઉઠાવવાના બદલે તેમના એકાઉન્ટમાં જમા કરાવતા હતા અને જયારે પણ જરૂરિયાત હોયત્યારે નાણાંની લેવડ દેવડ કરતા હતા પરંતુ થોડા દિવસ પહેલા પૈસા ઉપાડવા આવ્યા હતા અને અંગૂઠો મારી પૈસા ઉપાડયા હતા અને પાસબુક એન્ટ્રી મરાવતા ખબર પડી કે તા. ૨૯ના રોજ ૨૦,૦૦૦, તા. ૪ જુલાઈ અને ૩૦ જુલાઈ એમ બે વખત ૬,૦૦૦ અને ૬૦૦ રૂપિયા મળી કુલ ૨૬,૬૦૦ની ઉઠાંતરી કરી ગઠીયો ફરાર થઈ ગયો હતો.

આ મામલે મહિલાએ બેંક સત્તાધીશોને જાણ કરતા બેંકે આ સમગ્ર મામલે પોતાનો બચાવ પક્ષ રજુ કરી હાથ ઊંચા કરી લીધા હતા આખરે મહિલાએ પ્રાંતિજમાં આવેલી ગ્રાહક સુરક્ષા કચેરીનો દરવાજો ખખડાવતા ગ્રાહક સુરક્ષા કચેરીના પ્રમુખ નટુભાઈ બારોટે યોગ્ય તપાસ કરી નાણાં પરત અપાવવા ખાતરી આપી છે.

ડીસામાં ખેડુતની રૂ. ૧ લાખ ભરેલી થેલી ગુમ

ડીસા, તા.૯

ડીસા શહેરના લાલ ચાલી વિસ્તારમાં એક ખેડુતના શર્ટ પર મેલુ નાખી કોઈ અજાણ્યો ગઠીયો રૂ. ૧ લાખ ભરેલી થેલી ઉઠાવી જતાં ચકચાર મચી જવા પામી હતી.

ડીસા તાલુકાના ધાડા ગામના દશરથસિંહ મેઘજી વાઘેલા સોમવારે બેન્ક ઓફ બરોડામાં પોતાના ખાતામાંથી રૂ. ૧ લાખ ઉપાડવા માટે આવ્યા હતા. તેઓ રકમ ઉપાડી પરત જઈ રહ્યા હતા ત્યારે લાલ ચાલીમાં એક અજાણ્યા ઈસમે તેમના શર્ટ પર મેલુ નાંખ્યુ હતુ આથી દશરથસિંહ વાઘેલા મેલુ ધોવા માટે એક નળ પાસે ગયા હતા અને થેલી બાજુમાં મૂકી હતી ત્યારે શર્ટ ધોઈ પરત આવેલ ત્યારે થેલી ગાયબ હતી આથી તેમણે આજુબાજુમાં તપાસ કરેલ પરંતુ કયાંય પતો ન લાગતા શહેર પોલીસ મથકે પહોંચી અજાણ્યા ગઠીયા વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ બાબતે પોલીસે અજાણ્યા ઈસમ વિરૂધ્ધ ગુનો નોંધેલ છે. જેની વધુ તપાસ એ.એસ.આઈ. સોનાભાઈ ચલાવી રહ્યા છે.

ઊંઝામાં સક્રીય બનેલી વાહન ચોર ટોળકી

ઊંઝા, તા.૯

ઊંઝા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી સક્રિય બનેલ વાહનચોર ટોળકીને જાણે પોલીસનો કોઈ જ ડર કે ભય ન હોય તેમ છાશવારે દ્વિચક્રી તેમજ અન્ય વાહનોની સિફતપૂર્વક ઉઠાંતરીના બનાવો બની રહ્યા હોઈ વાહનમાલિકો ચિંતાતૂર બન્યા છે. વાહનોની ઉઠાંતરીના વધતા જતા બનાવોને અટકાવવામાં ચોરાયેલ તસ્કરોને શોધી કાઢવામાં તેમજ વાહનચોરીમાં સંડોવાયેલ તસ્કરોને ઝબ્બે કરવામાં સ્થાનિક અને જિલ્લા કક્ષાનું પોલિસતંત્ર નિષ્ફળ નિવડયું છે. તાજેતરમાં શહેરની એક સોસાયટીમાં પાર્ક કરેલ વધુ એક બોલેરો જીપકારની ચોરી થવા પામી છે.

ઊંઝા શહેરની દિપગંગા સોસાયટીમાં રહેતા હેમંતકુમાર હરગોવનભાઈ પટેલ રાત્રિના સમયે પોતાની બોલેરો જીપ કાર નં. જીજે-૨ વી.વી. ૨૧૮ સ્વસ્તિક સોસાયટીમાં પાર્ક કરી હતી. જેની રાતના સમયે જ કોઈ તસ્કરો ઉઠાંતરી કરીને કયાંક પલાન થઈ ગયા હતા. આ બનાવ અને ઊંઝા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજ તાલુકાના પોગલુ મુકામે આત્મા પ્રોજેક્ટની તાલીમ શીબીર યોજાઈ

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પોગલું ગામ ખાતે આત્મા પ્રોજેક્ટ અન્વયે ગતરોજ પશુપાલન અને ખેતી વિષયક તાલીમ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં બહેનો જોડાઈ હતી.

પોગલુ ખાતે આત્મા પ્રોજેક્ટ અન્વયે ખેતી તથા પશુપાલન અંગેની તાલીમ શીબીર યોજાઈ હતી. જેમાં મોટા પ્રમાણમાં પશુપાલન સાથે સંકળાયેલી ૧૦૦ થી પણ વધુ બહેનોએ ભાગ લીધો હતો. અને તેમાં એડૂત મિત્રોએ પણ વિશેષ ઉપસ્થિતિ જોવા મળી હતી. ખાસ કરીને ખેતીમાં ઓછી ખેંચમાં નફાકારક ખેતી કરવા અને જૈવિક ખાતરો અને કુદરતી ખાતરનો ઉપયોગ વધારી રાસાયણીક ખાતરોનો ઉપયોગ ઓછઓ કરવા ભાર મુકવામાં આવ્યો હતો. આ શિબીરમાં આત્મા પ્રોજેક્ટના સ્ટેટ નોડલ ડાયરેક્ટર ડૉ. આર.એ. સરસીયા જિલ્લા પ્રોજેક્ટ ડાયરેક્ટર બી.કે. પટેલ, બી.એમ. પટેલ, નરેન્દ્રભાઈ વિષય નિષ્ણાંત હાજર રહ્યા હતા.

શ્રીબલરામ સઘનક્ષેત્ર સમિતિ ચિત્રાસણીમાં કાનૂની શિક્ષણ શિબિર

પાલનપુર, તા. ૯

શ્રીબાલારામ સઘનક્ષેત્ર સમિતિ 'વિમળા જ્યોત' ચિત્રાસણી ખાતે પાલનપુર કાનૂની સેવા સમિતી અને સઘન ક્ષેત્રનાં સંયુક્ત ઉપક્રમે કાનૂની શિક્ષણ શિબિર યોજવામાં આવી હતી. જેમાં પ્રિન્સિપાલ સિવિલ જજ અને કાનૂની સેવા સમિતિમાં અધ્યક્ષ પી.બી. પટેલ, ન્યાયાધીશ એમ.એસ. દવે, પી.જી. વ્યાસ, આર. આર. મિસ્ત્રી, આર.એન. કરનાણી, કે.એચ. શેખા, કુ.સી. વાય. વ્યાસ વગેરે મળી પંદર જેટલાં સિવિલ ન્યાયધીશ અને વકીલ શૈલેષભાઈ જોષીએ લગ્ન સંસ્થા, ઘરેલું હિંસા, સમાજમાં કાયદાનું સુશાસન, માનવ અધિકાર વિષે માર્ગદર્શન આપેલ હતું.

સંસ્તા ટ્રસ્ટીથી શૈલેષભાઈ મહેતા, ચિત્રાસણીના ઉપસરપંચ સુરમાભાઈ સિંધી હાજર રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન દિનેશભાઈ દેસાઈએ આભાર વિધિ પટેલે કરી હતી.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન